અને ત્યારબાદ પરસ્પર સહમતિથી વધુ અગિયાર માસ માટે કરાર લંબાવી શકાશે જે અંગેનો આખરી નિર્ણય મુખ્ય જિલ્લા ન્યાયાધિશ સાહેબશ્રી, જિલ્લા અદાલત, સુરતનો રહેશે.

(૨) એજન્સી સદરહું કામનો પેટા કોન્ટ્રાકટ અન્ય ઈજારદારને આપી શકાશે નહી.

(૩) ટેકનીકલ બીડ અને પ્રાઈઝ બીડની તારીખમાં કોઈપણ જાતની આગોતરી જાણ કર્યા સીવાય તથા કારણ આપ્યા સીવાય ફેરફાર કરવાનો અધિકાર અત્રેની કચેરીને રહેશે.

**(૩) આતંર માળખાકીય સુવિધાઓ તથા મરામતઃ**

(૧) એજન્સીના અધિકૃત સ્ટાફ સિવાયના અન્ય કોઈ વ્યક્તિને કેમ્પસ/બ્લોકમાં પ્રવેશ કરવા દેવામાં આવશે નહી.

(૨) એજન્સીએ જિલ્લા અદાલત, સુરતની તમામ સુચનાનું પાલન કરવાનું રહેશે અને વખતો વખત કામનું નિરીક્ષણ કરાવવાનું રહેશે.

(૩) એજન્સીના દરેક પટાવાળા વર્ગ–જનાંઓએ નિયત યુનિફોર્મ તથા ઓળખપત્ર સાથે કામગીરી કરવાની રહેશે. એજન્સીએ યુનિફોર્મ તથા ઓળખપત્ર મુખ્ય જિલ્લા ન્યાયાધિશશ્રી, સુરત પાસે એપ્રુવ કરાવી તેના પટાવાળા વર્ગ–જનાંઓને પુરા પાડવાના રહેશે. એજન્સીના પટાવાળા વર્ગ–જનાંઓએ ફરજીયાત પણે તેનો ઓળખકાર્ડ નિયમીત ધારણ કરી કોર્ટ બિલ્ડીંગમાં પોતાનું કામ કરવાનુ રહેશે. યુનિફોર્મ તેમજ ઓળખપત્ર સિવાય એજન્સીના કોઈપણ પટાવાળા વર્ગ–જને કોર્ટમાં કામગીરી કરવા

તા૦૧/૦૪/૨૦૨૩ની કલમ ૬ મુજબ)આપવાનુ રહેશે. જે અંગેનુ બીલ જે તે મહીનાના બીલમાં આકારવાનુ રહેશે.

(૬) નિયુકત કર્મચારીઓએ કામ–કાજ શાંતિથી કરવાનું રહેશે અને તે દરમ્યાન અવાજ ન થાય અથવા જેમ બને તેમ ઓછો અવાજ થાય તેની કાળજી રાખવાની રહેશે.

(૭) તમામ નિયુકત કર્મચારી/સેવકોને યોગ્ય પહેરવેશ (ગણવેશ) એજન્સીએ પુરા પાડવાની જવાબદારી રહેશે તથા કર્મચારી/સેવકોની ઓળખ માટે તેઓના ખભા પર વિશિષ્ટ ઓળખવાળો બેઈઝ લગાવવાનો રહેશે.

(૮) વ્યકિતઓની ગેરહાજરી દરમ્યાન બીજી વૈકલ્પિક વ્યવસ્થા વિગેરે કામકાજ માટે એજન્સીએ એક અધિકૃત પ્રતિનિધિ નીમવાનો રહેશે. આ પ્રતિનિધિએ એજન્સીના કર્મચારી/સેવકોને લગતી સઘળી વ્યવસ્થા એજન્સી તરીકે કરવાની રહેશે. એજન્સીએ પ્રતિનિધિનું નામ સરનામું, સંપર્ક નંબર જિલ્લા ન્યાયાલય, સુરતને આપવાના રહેશે.

(૯) આઉટ સોર્સથી પટાવાળા વર્ગ–૪ પુરા પાડવા અંગેના તમામ કાયદાઓના પાલનની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે કચેરી, સુરત કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહી અને આ માટે મુકવામાં આવેલા કર્મચારી/સેવકને સંબંધિત કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર વેતન ચુકવવાની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

(૧૦) એજન્સીના કર્મચારીઓ/સેવકો વચ્ચે નોકરી અને તેની આનુસાંગિક કોઈપણ બાબત જેવી કે માલીક અને નોકરના સંબંધ અથવા તો અન્ય કોઈપણ

